અપીલ અરજી નં.૨૨૦ તા.૨૨–૧૦–૦૮/૦૯

અરજદારઃ શ્રી ઈકબાલ મુસાભાઈ પટેલ
સામાવાળાઃડે.કમિશ્નર (૫અનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈકબાલ મુસાભાઈ પટેલની તા.૬–૯–૦૮ ની અરજીથી કતારગામ ઝોનના લોડર ડ્રાઈવર શ્રી નરસિંહ ભુરીયાની વય મર્યાદા બાદ નિવૃત અંગેના ઉપસ્થિત કરેલ મધ્યસ્થ મહેકમ વિભાગને લગતા ચાર પ્રશ્નોની મુદ્દાસર માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૨૦/૨૦૦૮–૦૯

શ્રી ઈકબાલ મુસાભાઈ પટેલની તા.૬–૯–૦૮ ની અરજીથી કતારગામ ઝોનના લોડર ડ્રાઈવર શ્રી નરસિંહ ભુરીયાની વય મર્યાદા બાદ નિવૃત અંગેના ઉપસ્થિત કરેલ મધ્યસ્થ મહેકમ વિભાગને લગતા ચાર પ્રશ્નોની મુદ્દાસર માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (૫ અનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૧૧ તા.૨૫–૯–૦૮ થી માંગ્યા મુજબ માહિતી પુરી પાડેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૨૯ તા.૪–૧૧–૦૮ થી ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૩૨૦૫ તા.૧૦–૧૧–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જે અનુસાર અરજદારની તા.૬–૯–૦૮ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી નં.જીએડી/ ઈએસટી/ ૨૫૧૧ તા.૨૫–૯–૦૮ થી અરજદારને યોગ્ય નિર્ણયાર્થે સામાન્ય સભા સમક્ષ ૫ડતર છે તેવો જવાબ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પાઠવવામાં આવેલ. જે અરજદારે માંગેલ માહિતી પૈકી માત્ર મુદ્દા નં.૩ પૂરતું મર્યાદિત છે. બાકીના મુદ્દા નં.૧,૨ તથા ૪ કર્મચારીની નિવૃતિ અંગેની જોગવાઈ, નિવૃતિનો સમય તથા કાર્યવાહી અંગેની જવાબદારી બાબતે કોઈ જ માહિતી આપેલ નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મોકલેલ પૂરક માહિતી પૈકી તા.૨૨–૯–૦૮ ના તેમના રીપોર્ટ પર તેમણે ખાતાકીય માહિતી તૈયાર કરેલ છે તેમાં આ બાબતો સમાવિષ્ટ થતી જણાયેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૬–૯–૦૮ ની અરજીથી માંગેલ પૈકી નહીં પૂરી પાડેલ મુદ્દા નં.૧,૨ તથા ૪ ની માહિતી તથા કામ નં.૩ અંગે જો આખરી નિર્ણય લેવાઈ ગયેલ હોય તો તે સહિતની વિગતો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી,(મધ્યસ્થ મહેકમ)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલ,